# મમતા, જયલલિતા અને ભાજપનો જય જયકાર

## બંગાળમાં મમતા, તમિળનાડુમાં જયાનો જાદુ : આસામમાં કમળ : પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીને પ્રચંડ બહુમતિ : આસામમાં પ્રથમ વખત બહુમતિની સાથે ભાજપની જીત : કેરળમાં એલડીએફે બહુમતિ હાસલ કરી

નવી દિલ્હી,તા. ૧૯

પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ આજે જાહેર



કરવામાં આવ્યા હતા. એકબાજુ આસામમાં ભાજપે પ્રથમ વખત પોતાની તાકાત ઉપર બહુમતિ મેળવી લીધી હતી જ્યારે પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીએ પ્રચંડ બહુમતિ હાંસલ કરી લીધી છે અને સત્તામાં સતત બીજી વખત એન્ટ્રી કરી છે. આવી જરીતે તમિળનાડુમાં પણ જયલલિતાએ જોરદાર સપાટો બોલાવીને સત્તામાં ફરીથી એન્ટ્રી કરી છે. મમતા બેનર્જી અને જલલિતા પોતપોતાના રાજ્યોમાં સત્તા જાળવી રાખવામાં સફળ રહ્યા છે જ્યારે કેરળમાં સીપીઆઈએમના નેતૃત્વમાં એલડીએફે સત્તામાં એન્ટ્રી કરી છે.

કેરળમાં તમામ પરિણામો જાહેર કરી દેવામાં આવ્યા છે. બહુમતિના આંકડા ઉપર પહોંચવા અહીં ૭૧ની જરૂર હોય છે જેની સામે એલડીએફે ૮૫ બેઠકો હાંસલ કરી લીધી છે. આવી જ રીતે આસામમાં ભાજપ અને તેના સાથી પક્ષોએ બહુમતિ કરતા વધુ આંકડો હાસલ કરી લીધો છે. અહીં ભાજપ અને સાથી પક્ષોએ ૧૨૬ પૈકી ૮૬ બેઠકો જીતી લીધી છે. ૬૪નો રહેલો છે. તમિળનાડુમાં જયલલિતાની પાર્ટીએ ૧૩૪ બેઠકો જીતી લીધી છે. ડીએમકે અને કોંગ્રેસે ૯૬ બેઠકો મેળવી છે. આની સાથે જ સત્તામાં એન્ટ્રી કરી છે. પુડુચેરીમાં આઈએનસી અથવા તો કોંગ્રેસે ૧૭ બેઠકો જીતી છે અને સત્તા મેળવી છે. અહીં બહુમતિનો આંકડો ૧૬ રહ્યો છે. બંગાળમાં મમતા બેનર્જીએ સપાટો બોલાવ્યો છે અને બહુમતિના ૧૪૮ના આંક સામે ૨૦૯ બેઠક પહેલાથી જ જીતી લીધી છે. જ્યારે ડાબેરી અને કોંગ્રેસે ૭૫ બેઠકો જીતી છે. તમામ પરિણામ જાહેર કરી દેવામાં આવ્યા છે અને તમામ પાંચેય રાજ્યોમાં ચિત્ર બિલકુલ સ્પષ્ટ થઈ ગયું છે. એકંદરે જોવામાં આવે તો કોંગ્રેસ પાર્ટીને નુકસાન થયું છે. ભાજપે દેશના મોટાભાગના રાજ્યોમાં પોતાના નેટવર્કને ફેલાવવામાં સફળતા મેળવી છે. મોડી સાંજે આની ઉજવણીનો દોર પણ શરૂ થયો હતો. જુદા જુદા રાજ્યોમાં ભાજપ ઉપર ઉજવણી કરાઈ હતી. જ્યારે કોંગ્રેસ છાવણીમાં સોપો પડી ગયો હતો. અગાઉ આગાહી કરવામાં આવી હતી અને આગાહી સાચી પડી છે. તમિળનાડુમાં પણ મુખ્યપ્રધાન જયલલિતા ઈતિહાસ રચ્યો છે. જયાની પાર્ટીએ ડીએમકે પર શાનદાર જીત મેળવી લીધી છે.

ભાજપ માટે પાંચેય રાજ્યોમાં પરિણામ આશાસ્પદ રહ્યા છે. પરિણામ મુજબ ભાજપ માટે ત્રણ રાજ્યોમાં સારા પરિણામ મેળવ્યા છે. એકબાજુ આસામમાં પોતાની તાકાત ઉપર બહુમતિ મેળવી છે જ્યારે બંગાળમાં ત્રણ બેઠકો હાસલ કરી લીધી છે. કેરળમાં પણ ભાજપને એક બેઠક મળી છે અને ખાતુ ખોલ્યું છે. આસામની જીત તેની મહત્વપૂર્ણ જીત છે. બંગાળ અને કેરળમાં પણ ભાજપ અગાઉ કરતા સારી સ્થિતીમાં હોવાનુ ચિત્ર ઉપસ્યુ છે.

### આસામ પરિણામ

પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. આસામની પક્ષવાર સ્થિતિ નીચે મુજબ છે.

| | |
|---|---|
| કુલ વિધાનસભા બેઠક | ૧૨૬ |
| પરિણામ જાહેર | ૧૨૬ |
| બહુમતિ આંકડો | ૬૪ |
| ભાજપ-સાથી પક્ષો | ૮૬ |
| કોંગ્રેસ | ૨૬ |
| એઆઈયુડીએફ | ૧૩ |
| અન્ય | ૦૧ |

### તમિળનાડુ પરિણામ

પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. તમિળનાડુની પક્ષવાર સ્થિતિ નીચે મુજબ છે.

| | |
|---|---|
| કુલ વિધાનસભા બેઠક | ૨૩૪ |
| પરિણામ જાહેર | ૨૩૨ |
| બહુમતિ આંકડો | ૧૧૮ |
| અન્નાદ્રમુક | ૧૩૪ |
| ડીએમકે-કોંગ્રેસ | ૯૬ |
| ડીએમડીકે | ૦૦ |
| અન્ય | ૦૦ |

### કેરળ પરિણામ

પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. કેરળમાં પક્ષવાર સ્થિતિ નીચે મુજબ છે.

| | |
|---|---|
| કુલ વિધાનસભા બેઠક | ૧૪૦ |
| પરિણામ જાહેર | ૧૪૦ |
| બહુમતિ આંકડો | ૭૧ |
| એલડીએફ | ૮૫ |
| યુડીએફ | ૪૬ |
| અન્ય | ૦૮ |
| ભાજપ | ૦૧ |

### બંગાળ પરિણામ

પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. બંગાળમાં પક્ષવાર સ્થિતિ નીચે મુજબ છે.

| | |
|---|---|
| કુલ વિધાનસભા બેઠક | ૨૯૪ |
| પરિણામ જાહેર | ૨૯૧ |
| બહુમતિ આંકડો | ૧૪૮ |
| તૃણમુલ કોંગ્રેસ | ૨૦૯ |
| ડાબેરી-કોંગ્રેસ | ૭૫ |
| અન્ય | ૦૪ |
| ભાજપ | ૦૩ |

આજે સવારે પરિણામો આવવાની શરૂઆત થયા બાદ રાજકીય પક્ષોમાં ઉત્તેજના જોવા મળી હતી. પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસ અને ડાબેરીઓએ હાથ મિલાવ્યા હોવા છતાં મુખ્યપ્રધાન મમતા બેનર્જીના નેતૃત્વમાં તૃણમૂળ કોંગ્રેસે પ્રચંડ બહુમતિ મેળવી લીધી છે. તે વર્ષ ૨૦૧૧માં મળેલી ૧૮૪ બેઠકો કરતા વધારે બેઠકો જીતી ગઈ છે. તેને ૨૦૦થી પણ વધુ બેઠકો મળવાની જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ આજે આવવાની શરૂઆત થઈ હતી. સવારમાં પાંચેય રાજ્યોમાં મતગણતરી શરૂ થયા બાદ રાજકીય પક્ષોમાં ભારે ઉત્સુકતા દેખાઈ હતી. ખાસ કરીને કોંગ્રેસ અને ભાજપમાં વિશેષ ઉત્સાહ રહ્યો હતો. પરિણામ આવવાની શરૂઆત થયા બાદ ક્યા રાજ્યમાં કોની સરકાર બનશે અને કોની સરકાર જશે તે અંગે ચિત્ર ધીમે ધીમે સ્પષ્ટ થવા લાગી ગયુ હતુ. ચૂંટણીને લઈને છેલ્લા કેટલાક મહિનાથી જોરદાર



રાજકીય ગરમી જોવા મળી રહી હતી. તમિળનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. આ વખતે તમામ પાંચેય રાજ્યોમાં ઉંચુ મતદાન થયુ હતુ જેના કારણે રાજકીય પક્ષોમાં ભારે ઉત્સુકતા હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાનની પ્રક્રિયા પુરી થયા બાદ એક્ઝિટ પોલના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા જેમાં મોટાભાગના એક્ઝિટ પોલમાં આસામમાં ભાજપની ગઠબંધન સરકાર બનવાના દર્શાવવામાં આવ્યા હતા. આસામ માટે એબીપી ન્યુઝના કહેવા મુજબ આસામમાં ભાજપ ગઠબંધનને ૧૨૬માંથી ૮૧ બેઠકો જ્યારે કોંગ્રેસને ૩૩ બેઠકો મળવાનો દાવો કરવામાં આવ્યો હતો. ઈન્ડિયા ટુડેના એક્ઝિટ પોલમાં પણ આસામમાં કોંગ્રેસને ૨૬-૩૩ સીટો અને ભાજપને ૭૯-૯૩ બેઠકો મળવાનો દાવો કરવામાં આવ્યો હતો. ૧૬મી મેના દિવસે તમિળનાડુ, કેરળ અને પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણી માટે ઉંચુ મતદાન નોંધાયું હતું. તમિળનાડુમાં ૬૯.૧૯, પુડુચેરીમાં ૮૨ અને કેરળમાં ૭૧ ટકાથી વધુ મતદાન થયું હતું થયુ હતુ.

## ધાંધીયા ગામે પત્નિને ત્રાસ આપી ઘરેથી કાઢી મુકતાં સાસરિયા સામે પોલીસ ફરિયાદ

ઈસરી, તા.૧૯

મેઘરજ તાલુકાના ઈસરી પોલીસની હદમાં આવેલ ધાંધીયા ગામે આજથી કેટલાક વર્ષ પહેલા કલ્પેશ મંગળા ડામોર સાથે રેખાબેનના લગ્ન કરાયા હતા. પરંતુ સાસરી પક્ષના પતિ, સાસુ-સસરા તેમજ નણંદ દ્વારા રેખાબેનને અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. આ અંગે રેખાબેને ઈસરી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. સમાજની પરંપરા મુજબ થયેલા લગ્નજીવનમાં આટલા સમય પછી પણ રેખાબેનને દિકરા-દીકરીનો જન્મ ના થતાં તેની માટે રેખાબેનને દોષિત ઠેરવી તું વાંજણી છે અને તારે કોઈ છોકરાં થતા નથી જેવા મેણા મારી માનસિક ત્રાસ ગુજારવામાં આવતો હતો અને રેખાબેનના પતિ કલ્પેશ દ્વારા અવારનવાર મારઝૂડ કરીને શારીરિક ત્રાસ ગુજારવામાં આવતો હતો. રેખાબેન તેમનો ઘર સંસાર ના બગડે એમ કરી સહન કરતા હતા પરંતુ સાસરિયા દ્વારા ઉશ્કેરણી આપી તેમને ઘરની બહાર કાઢી બે ઘર કરી દેતા નાછુટકે સાસરિયા સામે ઈસરી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

રેખાબેનને કલ્પેશ કહેતો કે તું અહીંયાથી તારે બાપને ત્યાં જતી રહે મારે બીજી પત્નિ લાવવી છે તેમ કહી ગાળો બોલી મારઝુડ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી તેમજ રેખાબેનના સસરા મંગળા કાનાભાઈ ડામોર અને મનિષા મંગળા ડામોરે પણ કલ્પેશને સાથ આપી તેને ચઢામણી આપતા હતા તેમજ સાસુ-સસરા અને નણંદ પણ ગાળો બોલી શારિરીક-માનસિક ત્રાસ આપી ઘરેથી કાઢી મુકતાં ઈસરી પોલીસમાં આ ચારેય શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.

## સ્વામી વિવેકાનંદ યુવક મંડળના સભ્યો માટે ઝોન કક્ષાની સ્પર્ધા

ગાંધીનગર, તા. ૧૯

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તેમજ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગરમાં ઝોન કક્ષાના યુવક મંડળની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા રમત-ગમતના અધિકારી સંચાલિત સ્વામી વિવેકાનંદ યુવક મંડળ અને મહિલા મંડળના સભ્યો આ અન્વયે વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેશે.

જિલ્લા રમત ગમતના અધિકારી એન.એચ. થોરાટના જણાવ્યા મુજબ આગામી તા. ૨૧ થી ૨૩ મે દરમિયાન સેક્ટર-૧૫ સ્થિત ગોપાલક વિદ્યાલય અને સેક્ટર-૧૫ ગાંધી વિદ્યામંદિર ખાતે ટેનિસ, ક્રિકેટ, શૂટીંગબોલ, રસ્સાખેંચ, સંગીત-ખુરશી, ઉભી ખો સહિતની સ્પર્ધાઓ યોજવામાં આવશે. સ્પર્ધા સવારે ૮.૦૦ કલાકે શરૂ કરવામાં આવશે. આ અંગે વધુ માહિતી મેળવવા આર.પી. ચૌધરી મો. નં. ૯૪૨૯૫૪૧૬૦૪ તેમજ લાલુભાઈ દેસાઈ અને ભરતભાઈ ચૌધરીનો ૯૪૨૭૬૮૨૫૨૩૫૨ સંપર્ક કરવા જણાવાયું છે.



## મેઘરજમાં બકરીએ વિચિત્ર પ્રકારના નર બચ્ચાને જન્મ આપતા કુતુહૂલ સર્જાયું

મેઘરજ તાલુકાના સિસોદરા(મે) ગામે એક બકરીએ વિચિત્ર પ્રકારના બચ્ચાને જન્મ આપ્યો હતો. જેના લીધે લોકોમાં ભારે કુતુહૂલ સર્જાયું હતું. સિસોદરા(મે) ગામના ડામોર મનુભાઈ ઉદાભાઈના ઘરે બકરીએ એક નર બચ્ચાને જન્મ આપ્યો હતો. જે વિચિત્ર પ્રકારનું હતું. આ નર બચ્ચાને બન્ને આંખો એકબીજાને અડોઅડ હતી અને આ ઉપરાંત આ નર બચ્ચાને નાક જ નહોતુ. વિચિત્ર બકરીના આ બચ્ચાના જન્મની જાણ થતાં ગામમાંથી લોકોના ટોળા આ બચ્ચાને જોવા ઉમટી પડ્યા હતા.

### નીચે પટકાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરીને અબોલ પક્ષીઓને ગરમીથી રક્ષણ પુરુ પાડીને ઉમદા કામગીરી કરી હતી. ફાયર બ્રિગેડની ટીમ આગ ઓલવાની કામગીરીની સાથે જીવદયાનો અભિગમ દાખવી પશુ પક્ષીઓને મોતના મુખમાંથી બચાવાનુ ઉમદા કાર્ય પણ કરે છે.ઘવાયેલો મોર હોય કે ખાડામાં પડેલી ગાય ફાયર ઓફિસરની ટીમ જીજાનથી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી અબોલ જીવને નવજીવન આપવા કામે લાગે છે. ગરમીનો પારો જ આગ ઓકતો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે આગ ઓલવતા જવાનો ફરિ એકવાર અબોલ જીવને નવી ઉડાન આપવા કામે લાગ્યા છે.

### ખોરવાતો પુરવઠો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાથે ડીપી સળગી ઉઠતા રહિશોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. વીજળી ડુલ થતા સે. ૪ના રહીશોએ અસહ્ય ગરમી અને ઉકળાટ વચ્ચે આખી રાત ઉજાગરા કરી પસાર કરવી પડી હતી. સંપૂર્ણ વીજ પુરવઠો ખોરવાઈ જતા મોડી રાત્રે સેક્ટર-૪માં ઠેર ઠેર મેળા જેવો માહોલ જોવા મળ્યો હતો. સતત વધતી ગરમીને લીધે વીજ વપરાશમાં વધારો થવા પામતા સે. ૪ ઉપરાંત સેક્ટર-૨માં પણ ૭૨૦ કિલોવોટની ક્ષમતા ધરાવતા સ્ટેશનમાં પણ આગ લાગતા સબ સ્ટેશનના તમામ વીજ વાયરો બળી જવા પામ્યા હતા. જ્યારે સે. ૭માં પણ પરિમલ એપાર્ટમેન્ટના મકાનોમાં કેટલાક મકાનોના મીટરમાં આગ લાગતા ભયનો માહોલ જોવા મળ્યો હતો. આ ઉપરાંત સે. ૨૪, વાવોલ અને સે. ૮માં પણ વીજળી ડુલ થવાના બનાવો બનતા રહિશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ઠેર ઠેર વીજ પુરવઠો ખોરવાતા વીજ કંપનીના કર્મચારીઓમાં પણ દોડધામ મચી જવા પામી હતી.

### તન-દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

જરૂર પડે તરતજ ઉપયોગ કરવો. ખાવામા ખાસ ધ્યાન રાખવું. તાજું અને ગરમ વસ્તુઓજ ખાવ. ઠંડી વસ્તુઓ માં ઠંડી વસ્તુ કેવીરીતે કરો છો તેનું ધ્યાન રાખો. બહારના બરફ ગોળા, જૂના આઈસ્કીમ - શરબત ન લો. બહારનો બરફ અને પાણી શક્ય હોય ત્યાં સુધી ન જ લો. ઘરમાં બનાવેલા (શુદ્ધ પાણીમાંથી) શરબત, ઘરમાં જ બનાવેલો આઈસ્કીમ, શ્રીખંડ લેવો. બહારથી તૈયાર મળતો કેરીનો રસ ક્યારેય ન ખાવ. ઘરે કેરી લાવી સરસ ચોખ્ખા પાણીથી ધોઈ તેના ટુકડા કરીને મિક્ષરમાં રસ બનાવીને તેનો ઉપયોગ કરો. ઘરમાંજ બરફ બનાવો. અને ઘરનું જ ઠંડુ પાણી પીવો. ઉનાળામાં માણસનું ભયંકર આતંક ફેરવનાર ગરમી કરતા જો કોઈ હોય તો તે છે શેરડીનો બહાર થી મળતો રસ. બહારનો શેરડીનો રસ પીવો અને બદલામાં જીવલેણ કમળો પ્રાપ્ત કરવો તમારા જ હાથમાં છે તમારે જ નક્કી કરવાનું છે માથું પણ તમારું છે પગ પણ તમારા છે હાથ પણ તમારા છે અને લીવર પણ તમારું છે બાકી તો પછી ભગવાનની મરજી. એટલે મહેરબાની કરી શેરડીનો રસ ના પીવો તમે પણ બચો અને સમાજ ને પણ બચાવો.ગ્રીષ્મની મજા જુદી જ હોય છે. ગુલમહોરના લાલ ફૂલ, ગળમાળાના પીળા ફૂલ કેવા સરસ ઉનાળામાંજ ખીલે છે. એ આપણને સમજાવે છે કે આવી ગરમીમાં પણ અમે ખીલીએ છીએ. અને આપણે બધા પણ તેમાંથી શીખ લઈએ અને આપણે પણ ગગનમાંથી વરસતા આતંકને આપણે દોસ્તીમાં ફેરવી નાખીએ.

## ઈસનપુરમાં બ્રહ્માણી માતાનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૯

તા. ૧૮-૫-૨૦૧૬ને બુધવારના રોજ ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામે બ્રહ્માણી માતાનો પાટોત્સવ તેમજ ઈસનપુર મોટા સમાજનો ૧૮મો સ્નેહમિલન સમારોહ ઉજવાઈ ગયો. જેમાં સમસ્ત ગામે સાથે મળી માતાજીના આશીર્વાદ મેળવ્યા અને મહાપ્રસાદ લીધો. શ્રીમતી ઈન્દુબેન હસમુખભાઈ રાવલ મુખ્ય યજમાન પદે બિરાજી મહાપ્રસાદના દાતા બન્યા હતા.

આ શુભ પ્રસંગે ઈસનપુર મોટા ગામે વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા પધારતા તેઓશ્રીનું ભગવાન પરશુરામનું પરશુ સ્મૃતિ ચિન્હ, શાલ તેમજ ફૂલગુચ્છથી બ્રહ્મ સમાજના પ્રમુખ ગીરીશભાઈ રાવલ તેમજ ગામના સરપંચ રમણભાઈ પટેલ અને અન્ય ૧૪ જેટલી સંસ્થાના આગેવાનોએ ભાવભીનું સ્વાગત કર્યું હતું.

વાઘેલાએ આ પ્રસંગે સંસદસભ્ય તરીકે ચૂંટાયા બાદ ૧૯૬૭માં ઈસનપુર મોટા ગામે પધારતાં તેઓશ્રીને રોકડ રકમથી તોલી સહૃદયતાથી સ્વાગત કરેલું તેની યાદ તાજી કરી પ્રસંગોચિત પ્રવચનમાં ઈસનપુર મોટા ગામ અને બ્રહ્મસમાજ દિનપ્રતિદિન પ્રગતિ કરે અને પ્રજા સેવાના કાર્યો સતત થતા રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી. એમ શ્રી ઈસનપુર મોટા બ્રહ્મસમાજના સંગઠનમંત્રી નરેન્દ્રભાઈ રાવલે જણાવ્યું હતું.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

### રેકોર્ડ તોડ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહયો હતો. ધગધગતા વાતાવરણ વચ્ચે જાણે આગ ફુંકાતી હોય તેવો અહેસાસ નગરજનોએ કર્યો હતો. ગરમીએ તમામ હદ ઓળંગતા નગરના જનજીવનમાં પણ ગરમીનો હાઉ સ્પષ્ટ વર્તાઈ રહયો છે. સેકટરો પણ સુમસામ બન્યા છે. શહેરીજનો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે. ત્યારે ગરમીનો પારો નીચે ઉતરવાનુ નામ લેતો નથી. માનવજીવન સાથે અબોલ પશુપક્ષીઓ તેમજ નગરની હરિયાળી પણ બળબળતા ગરમી પ્રકોપથી પ્રભાવિત થઈ છે.

શહેરમાં છેલ્લા ૧૫ દિવસથી ગરમીએ ઉગ્ર મિજાજ ધારણ કરતા નગરજનો ગરમીથી બેહાલ બની ગયા છે. શહેરમાં આક્રમક હીટવેવથી જન આરોગ્ય ઉપર પણ વિપરિત અસર જોવા મળી રહી છે. આમ નાગરિકો ઝાડા ઉલ્ટી અને ચક્કર સહીત ડી હાઈડ્રેશન જેવી બિમારીનો ભોગ બની રહયા છે. ગાંધીનગરના સાડા ચાર દાયકાના ઈતિહાસમાં ગરમીનો પારો ૪૮ ડી ગ્રી સુધી કયારેય પહોંચ્યો ન હતો. જયારે ગઈકાલે મહત્તમ તાપમાન ૪૭ ડી ગ્રી નોંધાયુ હતુ જેના લીધે નગરજનોને આગની ભઠ્ઠીમાં શેકાયા હોવાનો આકરો અનુભવ થયો હતો. છેલ્લા ત્રણ દિવસમાં ગરમીનો પારો ત્રણ ડી ગ્રી વધ્યો છે. જયારે આજે ગરમીનો પારો એક ડી ગ્રી વધતા મહત્તમ તાપમાન ૪૮ ડી ગ્રી એ પહોંચી ગયુ હતુ. ગરમીએ વર્ષો જુના તમામ રેકર્ડ તોડી નાંખ્યા છે. જયારે નગરજનો ગરમીથી બેહાલ બની ગયા છે. ગાંધીનગર અગ્નગોળામાં લપેટાયુ છે. દિવસ ઉગતા જ ગરમીનુ સામ્રાજય છવાઈ જાય છે. આકાશમાંથી ઉદય થતા સુરજદાદા સવારથી જ અંગારા વરસાવાનુ શરૂ કરી દેતા દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીનુ મોજુ યથાવત રહે છે. રાત્રિ દરમિયાન પણ ગરમ લું ફુંકાતા હોવાનો અહેસાસ નગરજનો કરી રહયા છે. આજે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાન ૩૦.૫ ડી ગ્રી નોંધાયુ હતુ. જયારે સવારે ભેજનુ પ્રમાણ ૪૦ ટકા તેમજ સાંજે માત્ર ૧૧ ટકા ભેજનુ પ્રમાણ રહયુ હતુ. રોજબરોજ ગરમી પ્રકોપ વધતા શહેરી જનજીવનમાં પણ સોપો પડી ગયો છે.

**Gujarat State Petronet Limited**

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010, Tel : +91-79-66701001 Fax : +91-79-23236477
Website : www.gujpetronet.com Email : investors.gspl@gspc.in

**STATEMENT OF AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31ST MARCH 2016**

(₹ in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results | | | | Consolidated Results | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended | | Year ended | | Year ended | |
| | | 31.03.2016 (Audited) | 31.03.2015 (Audited) | 31.03.2016 (Audited) | 31.03.2015 (Audited) | 31.03.2016 (Audited) | 31.03.2015 (Audited) |
| 1 | Total Income from Operations (net) | 23,193.00 | 23,871.09 | 99,192.55 | 1,06,459.65 | 99,192.55 | 1,06,459.65 |
| 2 | Net Profit /(Loss) from ordinary activities after tax | 9,970.89 | 6,709.81 | 44,447.15 | 41,036.17 | 46,466.94 | 48,630.55 |
| 3 | Net Profit/(Loss) for the period after tax (after Extraordinary items) | 9,970.89 | 6,709.81 | 44,447.15 | 41,036.17 | 46,466.94 | 48,630.55 |
| 4 | Equity Share Capital (face value of Rs. 10/- each) | 56,334.01 | 56,298.00 | 56,334.01 | 56,298.00 | 56,334.01 | 56,298.00 |
| 5 | Reserves (excluding revaluation reserves as per balance sheet of previous year) | - | - | 3,40,510.93 | 3,06,007.14 | 3,43,244.63 | 3,21,700.47 |
| 6 i. | Earnings per share (EPS) before Extraordinary items | | | | | | |
| | a) Basic EPS (Rs.) | 1.77 | 1.19 | 7.89 | 7.29 | 8.25 | 8.64 |
| | b) Diluted EPS (Rs.) | 1.77 | 1.19 | 7.89 | 7.29 | 8.25 | 8.64 |
| | (face value of Rs. 10/- each) | (not annualised) | (not annualised) | | | | |
| 6 ii. | Earnings per share(EPS) after Extraordinary items | | | | | | |
| | a) Basic EPS (Rs.) | 1.77 | 1.19 | 7.89 | 7.29 | 8.25 | 8.64 |
| | b) Diluted EPS (Rs.) | 1.77 | 1.19 | 7.89 | 7.29 | 8.25 | 8.64 |
| | (face value of Rs. 10/- each) | (not annualised) | (not annualised) | | | | |

**Notes: (1)** The above is an extract of the detailed format of Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Standalone and Consolidated Annual Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com) **(2)** The Board of Directors of the Company have recommended dividend of Rs. 1.50 (@ 15 %) per share of Rs. 10/- each on equity shares of the Company for the financial year 2015-16, subject to the approval of shareholders in ensuing Annual General Meeting. **(3)** The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in their meetings held on 19th May, 2016.

For and on behalf of Gujarat State Petronet Limited
Dr. J. N. Singh, IAS
Managing Director

Place: Gandhinagar
Date: 19th May, 2016

**કામધેનુ યુનિવર્સિટી**

કર્મયોગી ભવન, બ્લોક-૧, વિંગ-બી, ૪થો માળ, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦, ફોન નં. (૦૭૯) ૬૫૭૨૧૮૧૮

**ટુંકી મુદતની જાહેર નિવિદા-૦૪ સને ૨૦૧૬-૧૭**

કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, કામધેનુ યુનિવર્સિટી દ્વારા નીચે મુજબના કામનું ટેન્ડર અનુક્રમ નં. (૧) મુજબનું મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ ફક્ત www.ku-guj.org પર નીચે જણાવેલ તારીખથી ઉપલબ્ધ રહેશે તથા નીચે જણાવેલ તારીખ સુધીમાં ટેન્ડર ઉપરોક્ત દર્શાવેલ કચેરી ખાતે પહોંચાડવાનું રહેશે. ટેન્ડર ટુ બીડ કવર સિસ્ટમથી મોકલવાનું રહેશે. ટેન્ડરમાં ખાસ શરતોમાં માંગ્યા મુજબના ઓરીજીનલ દસ્તાવેજો ટેન્ડર સાથે મુકવાના રહેશે. નિર્ધારિત તારીખ સુધીમાં બાનાની રકમ, ટેન્ડર ફી અને જરૂરી ડૉક્યુમેન્ટ શિલ્ડ કવરમાં રજૂ કરવામાં નહિ આવે અથવા માન્ય ધારા ધોરણ અનુસરા નહિ હોય તો તેવા ઈજારદારશ્રીનું ટેન્ડર નોન રીસ્પોન્સીવ ગણી ટેકનીકલ અને અથવા પ્રાઈઝ બીડ ખોલવામાં આવશે નહિ.

| અ. નં. | કામનું નામ | (૧) અંદાજીત રકમ (૨) ટેન્ડર ફી | (૨) બાનાની રકમ (૪) કક્ષા |
|---|---|---|---|
| ૧ | પ્રોવાઈડીન્ગ એન્ડ ઈરેક્ટીંગ ઈલેક્ટ્રીક વાયરીંગ ફોર વેરિયસ મશીન એટ 3rd એન્ડ 4th ફ્લોર ઓફ કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર | (૧) રૂ. ૧,૨૨,૦૯૯.૦૦ (૨) રૂ. ૬૦૦.૦૦ | (૨) રૂ. ૧૨૫૦.૦૦ (૪) ઈ-૨ અને ઉપર |

| અ. નં. | ટેન્ડર ઓનલાઈન ઉપલબ્ધ થવાની તારીખ | ટેન્ડર ઓનલાઈન ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ અને સમય | ટેન્ડર ડોક્યુમેન્ટ, બાનાની રકમ અને ટેન્ડર ફી કામધેનુ યુનિવર્સિટી ખાતે હાર્ડકોપી ટુ બીડ કવર સીસ્ટમથી રજીસ્ટર પોસ્ટથી બંધ કવરમાં રજૂ કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| ૧. | ૨૦-૫-૧૬ | ૨૭-૫-૧૬ ૧૭.૦૦ કલાકે | ૩૧-૫-૧૬ ૧૫.૦૦ કલાક સુધી |

ટેન્ડર મંજુર કરવાની કે ના મંજુર કરવાની તમામ આખરી સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની અબાધિત રહેશે.

માહિતી/૪૦૬/૨૦૧૬-૧૭ ઈ/ચા. કાર્યપાલક ઈજનેર